વડવાસા પાટીયા પાસે પુરપાટ વેગે દોડતી કારે બાઈકને અડફેટે લેતા ચારને ઈજા

પ્રાંતિજ તાલુકાના વડવાસા પાટીયા પાસે એક કારચાલક હિંમતનગરથી પુરપાટ વેગે કાર હંકારીને બાઈક ચાલકોને અડફેટે લેતા ચાર જણને નાની મોટી ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. પ્રાંતિજના નેશનલ હાઈવે નંબર આઠ વડવાસા પાટીયા પાસે વડવાસાના જ લાલાજી શંકરજી પોતાની બાઈક પર તેમની દિકરી સરોજબેનને દવાખાને દવા કરાવી પરત જતા હતા તે સમયે હિંમતનગર તરફથી પુરપાટ વેગે આવી રહેલી કાર નં. જીજે-૦૯-આરએફ૩૦૨૦ ના ચાલકે અચાનક ટક્કર મારતા તેમને, તેમની પુત્રી અને ભાણેજને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તેમને ૧૦૮માં પ્રાંતિજ સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે કારચાલક ઘટનાસ્થળેથી રફુચક્કર થઈ ગયો હતો. પ્રાંતિજ પોલીસને બનાવની જાણ કરતા પોલીસે કારનો નંબર લઈ આગળ તપાસ હાથ ધરી છે. (સંજય રાવલ, પ્રાંતિજ)

મહેસાણામાં હાઈવે પર અકસ્માતમાં એક આશાસ્પદ યુવાનનું કરૂણ મોત

મારુતિ ઈકોના ચાલકે પાછળ જોયા વગર દરવાજો ખોલતા એકટીવા અથડાયું જેના પર ટેન્કર ફરી વળ્યું : એક ગંભીર

મહેસાણા, તા. ૨૯

મહેસાણા ખાતે હાઈવે પર આવેલી રાધનપુર ચોકડી પાસે સવારના સમયે એકટીવા પર જઈ રહેલા બે યુવાનો પર ટેન્કર ફરી વળતા બે યુવાનો પૈકી એક યુવાનનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજયું હતું. જયારે તેની સાથેના અન્ય યુવાનને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

બનાવની વિગત એવી છે કે મહેસાણાના સમોસણા વિસ્તારમાં સ્વાગત બંગ્લોઝમાં રહેતા અપૂર્વ કિર્તીભાઈ ચૌધરી (ઉ.વ. ૨૦) તથા તેમના કુટુંબીભાઈ બિમલ અભેરાજભાઈ ચૌધરી બંને જણા સવારના સમયે એકટીવા સ્કૂટર પર જીમમાં કસરત કરવા માટે ગયા હતા કસરત કર્યા બાદ જીમમાંથી પરત ઘરે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં રાધનપુર ચોકડી પાસે થોભેલી મારૂતિ ઈકો ગાડીના ચાલકે અચાનક દરવાજો ખોલ્યો હતો જેથી એકટીવા દરવાજા સાથે ભટકાયું હતું. આ કારણથી બંને યુવાનો નીચે રોડ પર પટકાયા હતા તે સમયે જ પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલ ટેન્કર નં. જીજે. ૧૮ એજી ૮૮૦૫ તેમના પર ફરી વળતા અપૂર્વ ચૌધરીનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું.

જયારે બિમલ ચૌધરીને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મૃતક યુવાન એન્જિનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતો હતો અને તેનું અકસ્માતમાં કરૂણ મોત તથા તેના પરિવાર પર આભ તૂટી પડયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ બનાવ અંગે મહેસાણા બી. ડીવીઝન પોલીસે ટેન્કર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના જુની આરટીઓ સામે હિન્દુ સમાજના વડીલ વિશ્રાંતિ ગૃહ ખાતે શ્રી પ્રદિપકુમાર શાસ્ત્રીજી માલસરવાળાના મુખે ભાગવત કથાનું શ્રવણ કરી જીવન સંધ્યાએ પહોંચેલા વડીલો ભાવવિભોર થઈ ગયા હતા. આ ભાગવત સમાહ દરમ્યાન ભગવાન રામ, કૃષ્ણ જન્મોત્સવ, ગીરિરાજ પૂજન, રૂક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગો પણ યોજાયા હતા. (હરેશ જી. જોષી, પાલનપુર)

ડીસામાં કસ્ટમ અને એકસાઈઝ વિભાગની ટીમે તપાસ હાથ ધરી

ડીસા, તા. ૨૯

ડીસા શહેરમાં બી.એમ. કોમ્પ્લેક્ષમાં આવેલ નાણા ધીરવાનું કામ કરતા ફાઈનાન્સરની ઓફીસમાં ઈન્કમટેક્ષ વિભાગની ટીમે તપાસ હાથ ધરતાં કમિશન એજન્ટ, હવાલાથી હેરાફેરી કરતા વેપારીઓ અને જમીન દલાલોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો.

ડીસા શહેરમાં લોકોને ઉંચા વ્યાજે નાણાં ધીરી લોહી ચુસતા ફાયનાન્સરોની હાટડીઓ ફુટી નિકળી છે. ગેરકાયદેસર રીતે ઊંચા વ્યાજે નાણા ધીરતા ઈસમો નિતી નિયમોને નેવે મુકી ફાયનાન્સ કરી રહ્યા હોવાની બાતમીને આધારે ગાંધીનગર ખાતેથી કસ્ટમ અને સેન્ટ્રલ એકસાઈઝ વિભાગની ટીમોએ શહેરમાં તપાસ હાથ ધરી હતી અને શહેરમાં આવેલ દોશી કોમ્પ્લેક્ષ ખાતે પણ અધિકારીઓએ દરોડા પાડી તપાસ હાથ ધરી હતી અને ઓફીસોમાં રેકર્ડ તપાસી ફાયનાન્સરોની પુછતાછ હાથ ધરી હતી. તંત્ર એ ઓચિંતી રેડ પાડતા ગેરકાયદેસર નાણાં ધીરધારનો ધંધો કરતા ફાયનાન્સરોમાં ફફડાટની લાગણી જન્મી હતી અને ઓફીસોના શટરો પાડી પલાયન થઈ ગયા હતા.

ધાનેરામાં જોષી યુથ ક્લબ આયોજિત યોગ શિબિરનો આજથી પ્રારંભ

ધાનેરા, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના સરહદી નગર ધાનેરા ખાતે બ્રહ્મસમાજના યુવાનો દ્વારા સંચાલિત જોષી યુથ ક્લબ દ્વારા તારીખ ૩૦મી નવેમ્બરથી ૭મી ડિસેમ્બર સુધી 'યોગ શિબિર'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

ધાનેરાના ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ યુવક પ્રગતિમંડળના સહયોગથી શ્રી કષ્ટભંજન આશ્રમ લોડ (તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા)ના મહામંડલેશ્વર યોગીરાજ ૧૦૦૮ પૂ. સીયારામ બાપુના ૧૨૨મા વર્ષે દેવ દિવાળી પર બ્રહ્મલીન થયાની સ્મૃતિમાં જોષી યુથ ક્લબ દ્વારા આ યોગ શિબિરનું આયોજન કરાયું છે. આ શિબિરમાં સવારે ૫ વાગ્યાથી ૭ વાગ્યા સુધી સળંગ બે કલાક યોગ સાધના કરાવવામાં આવશે. આ શિબિરમાં પતંજલી યોગ સમિતિના યોગગુરૂ લક્ષ્મણભાઈ જાદવ દ્વારા યોગ માર્ગદર્શન આપવામાં આવશે. શિયાળાની સવારે શરીર સૌષ્ઠવ જાળવવા વિનાયક સ્કુલ પાસે આયોજિત કરાયેલી શિબિરમાં ભાગ લેવા ધાનેરાવાસીઓને અપીલ કરવામાં આવી છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ પાસે કારે પલ્ટી ખાધી : પાંચ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર હિંમતનગર બાજુથી આવી રહેલ લાલ રંગની મારૂતિ વેગનઆર કાર નં. જીજે-૧૬બી-૨૪૫૧ પુરપાટ વેગે આવી રહી હતી ત્યારે ચાલકે સ્ટીઅરીંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી ખાઈ જવા પામી હતી પરંતુ તેનાથી મોટી જાનહાનિ ટળી હતી. પ્રાંતિજ તાલુકાના કમાલપુરપાસે આવેલ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અમદાવાદ તરફ કારમાં બેસીને જી રહ્યા હતા ત્યારે કારચાલકે સ્ટીઅરીંગ પરથી કાબુ ગુમાવતા કાર બાજુમાં આવેલા ડીવાઈડર પર ચઢી ગઈ હતી. ત્યારબાદ કાર પલ્ટી ખાઈ જતા અંદર બેઠેલા ત્રણ વિદ્યાર્થીઓ અને બે વિદ્યાર્થીનીઓનો આબાદ બચાવ થયો હતો. આસપાસના લોકોએ તુરંત જ ઘટનાસ્થળે દોડી તમામ વિદ્યાર્થીઓને કારમાંથી બહાર કાઢ્યા હતા. આટલો મોટો અકસ્માત થવા છતાં કોઈને ઈજા ન થવા બદલ સૌએ ભગવાનનો પાડ માન્યો હતો અને પોલીસને જાણ કરવાનું ટાળ્યું હતું.

મહુડી રોડ પર કારની ટકકરે બે સાઈકલ સવાર ઘાયલ

માણસા, તા. ૨૯

માણસા તાલુકાના મહુડી જવાના માર્ગ પર આવેલા લિંબોદરા ગામ તરફ સાયકલ પર જતા બે ભાઈઓને અજાણી કારે ટકકર મારતા બંનેને ઈજાઓ થવા પામી હતી. બેમાંથી એકને માથામાં અને પગના ભાગે ગંભીર ફેકચર જણાતા અમદાવાદ ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવેલ છે.

બનાવની વિગતમાં માણસા તાલુકાના જાસકા ગામના રહેવાસી બે ભાઈઓ શિવાચમન ઠાકોર તથા રામાજી ઠાકોર બંને સાયકલ પર આજે સવારે લગભગ ૯ વાગ્યાના સુમારે લિંબોદરા તરફ જઈ રહ્યા હતા ત્યારે એક મારુતિ કાર નં. જીજે ૧૮-એએમ ૨૫૦૧ના ચાલકે હડફેટે લઈ ટકકર મારતા બંને નિચે પટકાયા હતા. બંને ઈસમોને શરીરના ભાગે ઈજાઓ થવાથી તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ રામાજી ઠાકોરને માથા અને પગમાં ગંભીર ફેકચર જણાતાં વધુ સારવાર અર્થે અમદવાદ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આ બનાવ અંગે અકસ્માતે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિજયનગર તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હાથ ધરાયો

શાળાએ જતા ન જતા કુલ ૩૪૩૬૦ બાળકોની તબીબી તપાસ કરાશે

વિજયનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં આવેલ વિજયનગર તાલુકામાં શાળાએ જતા ધોરણ ૧૨ સુધીના તમામ બાળકો અને શાળાએ ન જતા બાળકોની પણ તબીબી તપાસ કરવામાં આવી રહી છે. આ શાળા આરોગ્ય તબીબી તપાસ અભિયાન તા. ૨૨મી નવેમ્બરથી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૩૪૩૬૦ બાળકોની તબીબી તપાસ હાથ ધરાઈ છે.

વિજયનગર તાલુકામાં કુલ ૪ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. જેમાં ૧૪૧ જેટલી પ્રાથમિક શાળાઓ, ૭૬ માધ્યમિક શાળાઓ તથા ૨૩૪ જેટલી આંગણવાડીના બાળકોની તબીબી તપાસ કરવામાં આવનાર છે. વિજનયગર તાલુકાના વિસ્તારોમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિસ્તારોના ગામોમાં રેલી, પોસ્ટર્સ, બેનર્સ અને પત્રિકાઓ દ્વારા આ અભિયાન અંગે જન જાગૃતિ હાથ ધરવામાં આવી રહી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીના સીધા માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એસ.એમ. ચૌહાણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. તેમજ પ્રચારતંત્રની કામગીરી તાલુકા આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્રસિંહ વાઘેલા તથા ઈન્ચાર્જ સુપરવાઈઝર કાન્તિભાઈ પટેલ દ્વારા સંભાળવામાં આવી રહી છે.

આણંદ તાલુકાના અડાસથી ઉંડાપરા વિસ્તારના રસ્તાનું કામ જીલ્લા પંચાયતની ગ્રાંટમાંથી મંજૂર કરવામાં આવ્યુ છે.આ રસ્તા ઉપર રોડ બનાવવા માટેના કામનું આજે ખાતમુહૂર્ત જીલ્લા પંચાયત આણંદના પ્રમુખ જશવંતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં જીલ્લા પંચાયત બાંધકામ સમીતીના અધ્યક્ષ પિયુષભાઈ રાજના હસ્તે કરવામાં આવ્યુ હતુ.

ભાજપા અનુસૂચિ જાતી મોરચા હોદ્દેદારોની બેઠક પાલનપુર ખાતે મળી

પાલનપુર, તા. ૨૯

ભાજપા અનુ. જાતી મોરચાના હોદ્દેદારો-તાલુકા પ્રભારીઓની બેઠક પાલનપુર ભાજપા કાર્યાલય ખાતે ૨૩મી નવેમ્બરે મોરચાના પ્રમુખ એન.ટી. રાઠોડના અધ્યક્ષસ્થાને અને સહ પ્રભારી પ્રહલાદભાઈ પરમાર, જિલ્લા મોરચા મહામંત્રી પ્રવિણભાઈ સોલંકી, જિલ્લા મો. મહામંત્રી રામભાઈ બારોટ તથા ચીમનભાઈ સોલંકી, દૂધાભાઈ પરમાર, અશ્વિનભાઈ સકસેના વિગેરેની ઉપસ્થિતિમાં મળી હતી.

બેઠકમાં દલિત શક્તિ કેન્દ્રોને સક્રિય બનાવવા, તાલુકા પ્રભારીઓના બુથ સુધીનો પ્રવાસ, જિલ્લામાં તમામ તાલુકા/શહેર-મંડલમાં અનુ. જાતિ મોરચાની પખવાડીક બેઠકો બોલાવવી, ટીફીન બેઠકોમાં હાજરી, નિવૃત્ત થતા દલિત સમાજના કર્મચારીઓને પક્ષમાં જોડવા, નવા યુવાનો, મહિલાઓને પણ પાર્ટીમાં જોડવા, ગુજરાત સરકારશ્રીની ભાજપા સરકાર દ્વારા કલ્યાણકારી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવાની જવાબદારી લઈ સમાજમાં જઈ હજી પણ લાભોથી વંચિત લોકોની યાદી બનાવી, લાભો તેમના સુધી પહોંચાડવા નિર્ધાર કરાયો હતો.

જિલ્લા અને પ્રદેશ મોરચા તથા પક્ષ તરફથી આપવામાં આવતા કાર્યક્રમોમાં સક્રિય રીતે ભાગ લઈ ભાજપા અનુ. જાતી મોરચાએ પાર્ટીનો મહત્વનો ભાગ હોઈ ૨૦૧૪માં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન તરીકે બીરાજમાન કરવા માટે દલિત સમાજનો પણ પુરેપુરો સહયોગ તેમાં રહે એવું આયોજન અત્યારથી જ કરવા, તેમજ રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીઓમાં મોરચાના જવાબદાર કાર્યકર્તાઓ પ્રવાસમાં જોડાય તે અંગે તાકીદ કરવામાં આવી હતી.

બેઠકમાં હરચંદભાઈ પરમાર, મશરૂભાઈ સોલંકી, સેંધાભાઈ પરમાર, ભરતભાઈ પરમાર, બાબુભાઈ છત્રાલીયા, રેવાભાઈ શેખલીયા, રતિલાલ પરમાર વિગેરે આગેવાનો સાથે તાલુકા પ્રભારીશ્રીઓ હાજર રહેલ હતા.

બેઠકનું સંચાલન પ્રવિણભાઈ સોલંકીએ અને આભારવિધિ રામભાઈ બારોટે કરેલ. બેઠકને સફળ બનાવવા બદલનો આભાર એન.ટી. રાઠોડે માન્યો હતો.

ખેડબ્રમા તાલુકાની લક્ષ્મીપુરા શેઠ એન.એલ. હાઈસ્કુલના રમત ક્રિડાંગણના વિશાળ ફલક ઉપર ૧૬ વર્ષથી નીચે તથા ઉપરની બહેનો અને ભાઈઓની ખોખોની રમતમાં કૌશલ્ય દાખવવામાં ટીમો ઉતરી આવેલ જેમાં શકિતકૃપા હાઈસ્કુલ તથા એન.એલ. હાઈસ્કુલ તથા નાકા અને ગલોડિયા હાઈસ્કુલની ટીમો વિજેતા બનેલ. જેમાં કેળવણી મંડળના પ્રમુખ શ્રી રમતગમત કોચ તથા બાળકો અને શિક્ષકોએ ઉમંગભેર ભાગ લીધેલ અને વિજેતા ટીમોને હાજર જનમેદની દ્વારા અભિનંદન આપી આગળની પ્રગતિ માટે શુભેચ્છા પાઠવેલ. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

જીલ્લા પંચાયતની ગ્રાંટમાંથી બનનાર અડાસથી ઉંડાપરા રોડનું ખાતમુહૂર્ત થયું

ઉમરેઠ, તા.૨૯

આણંદ તાલુકાના અડાસથી ઉંડાપરા વિસ્તારના રસ્તાનું કામ જીલ્લા પંચાયતની ગ્રાંટમાંથી મંજૂર કરવામાં આવ્યુ છે.આ રસ્તા ઉપર રોડ બનાવવા માટેના કામનું આજે ખાતમુહૂર્ત જીલ્લા પંચાયત આણંદના પ્રમુખ જશવંતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં જીલ્લા પંચાયત બાંધકામ સમીતીના અધ્યક્ષ પિયુષભાઈ રાજના હસ્તે કરવામાં આવ્યુ હતુ.

અડાસથી ઉંડાપરા વિસ્તારનો રસ્તો છેલ્લા કેટલાય વર્ષોથી કાચો હતો.જેથી આ વિસ્તારમાં રહેતા લોકોને વારંવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. તેને ધ્યાને લઈને જીલ્લા પંચાયત બાંધકામ સમીતીના અધ્યક્ષ પિયુષભાઈ રાજ તથા જીલ્લા પંચાયતના સભ્ય હસમુખભાઈ પટેલ,આણંદ જીલ્લા પંચાયત ખાતે તથા માર્ગમકાન મંત્રી આનંદીબેન પટેલને રજૂઆત કરી હતી.તે રજૂઆતને ધ્યાને લઈને જીલ્લા પંચાયતની ગ્રાંટમાંથી સદર રસ્તા ઉપર રોડ બનાવવાનું કામ મંજૂર થયુ હતુ. તે રોડ બનાવવાના કામનો આજે પ્રારંભ કરવા માટે ખાતમુહુર્ત જીલ્લા પંચાયતના પ્રમુખ,સભ્યો,અને ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે તાલુકા પંચાયત સભ્ય ભાઈલાલભાઈ સોલંકી,ગામના મગનભાઈ પરમાર, શંકરભાઈ પરમાર,પંકજભાઈ પરમાર,વિનુભાઈ ગોહેલ, અંબાલાલભાઈ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન